# કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો માટેના અનિવાર્ય ધોરણો




શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો માટેના અનિવાર્ય ધોરણો

અનિવાર્ય ધોરણોનો અર્થ છે કે વિદ્યાલયની સાથે જોડાયેલા એ તમામ બિન્દુઓ અને જરૂરીયાતો જેની ન્યૂનતમ સંખ્યા/ ગુણવત્તા/ સ્તરનું હોવું અનિવાર્ય છે અને તે ન્યૂનતમ સંખ્યા/ ગુણવત્તા/ સ્તરની અવગણના થવાથી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયોનું સંચાલન સાર્થક ન બને. (જેમ કે શિક્ષણ કાર્ય, રહેવા અને ભોજનની વ્યવસ્થા, સફાઈની વ્યવસ્થા, ભવન, પરિસર, શિક્ષકોની સંખ્યા, કન્યાઓ માટેની જરૂરી સામગ્રી જેમ કે, કન્યાઓને જરૂરી વ્યકિતગત જરૂરીયાતો, સ્ટેશનરી, સુરક્ષા વ્યવસ્થા વગેરે)

## કન્યાઓની પસંદગી અને નામાંકન (વાર્ષિક)

- સૌપ્રથમ એપ્રિલ-મે માસમાં કેજીબીવી મેનેજમેન્ટ કમિટિ (કે.એમ.સી.) સ્થિત વિદ્યાલયના વોર્ડન દ્વારા બ્લૉક પર ઉપલબ્ધ શાળાએ ન જતી કન્યાઓની યાદીની ભૌતિક ખરાઈ કરીને નવી યાદી બનાવવામાં આવે અને તેઓ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવે.
- કેજીબીવીની શિક્ષિકાઓ દ્વારા તે ગામ/પરિવારની મુલાકાત કરવામાં આવે જ્યાંથી કન્યાઓની પસંદગી કરવામાં આવી છે તેમજ વાલીઓને યોજનાની માહિતી આપવામાં આવે.
- કુલ લક્ષ્યમાંથી ૭૫% બાલિકાઓ અનુ. જાતિ, અનુ. જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતી સમુદાયની હોય અને ૨૫% કન્યાઓ ગરીબી રેખાની નીચે જીવતાં પરિવારોની હોય.
- બ્લૉકમાં જે સમુદાયની બહુમતી હોય ત્યાં નામાંકનમાં તે સમુદાયની કન્યાઓનું પ્રતિનિધિત્વ વધુ હોય.
- ક્લસ્ટર સ્તર પર કન્યાઓની પસંદગી નીચે પ્રમાણે રચવામાં આવેલી સમિતિ દ્વારા કરવામાં આવે.

| ક્રમ | સભ્યોના હોદ્દા | સભ્યોની સંખ્યા |
|---|---|---|
| ૧. | મદદનીશ જિલ્લા કો.ઓ. ગર્લ્સ એજ્યુકેશન | અધ્યક્ષ |
| ૨. | સીઆરસી કો-ઑર્ડિનેટર | સચિવ |
| ૩. | નજીકની પ્રાથમિક શાળાના આચાર્ય | સભ્ય |
| ૪. | કેજીબીવીના વૉર્ડન કમ હેડ ટીચર | સભ્ય સચિવ |

## નામાંકન વખતે

- દરેક કન્યાની એક ફાઇલ તૈયાર કરવામાં આવે જેમાં શિક્ષણ સ્તરના મૂલ્યાંકનના રેકોર્ડ, આરોગ્યની પૂર્ણ તપાસની વિગતો, પરિવારની વિગતો વગેરે સામેલ હોય.
- માતા-પિતા સ્વયં અથવા તેમના દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ જે વિદ્યાલયમાં કન્યાઓને મળી શકે છે તેમનું વિવરણ જેમ કે નામ, સરનામું, સહીના નમૂના, ફોટો અને મોબાઇલ નંબર મેળવી લેવામાં આવે.
- વાલીઓને વિદ્યાલયના સંબંધમાં, નિયમો, મુલાકાતનો સમય, રજા અને વિદ્યાલયમાં ઉપલબ્ધ સુવિધાઓ વિશે માહિતી આપવામાં આવે.

સ્વીકાર્ય કર્મચારીઓની હોદ્દાવાર વિગતો નીચે મુજબ છે

## શૈક્ષણિક કર્મચારીઓ

| ક્રમ સં. | હોદ્દાનું નામ | હોદ્દાઓની સંખ્યા | શૈક્ષણિક યોગ્યતા |
|---|---|---|---|
| ૧. | વૉર્ડન કમ શિક્ષિકા | ૦૧ પ્રશિક્ષિત | સ્નાતક |
| ૨. | પૂર્ણ કાલીન શિક્ષક | ૦૪ પ્રશિક્ષિત | સ્નાતક |
| ૩. | અંશ કાલીન શિક્ષક | ૦૩ પ્રશિક્ષિત | સ્નાતક |

## શિક્ષણોત્તર કર્મચારીઓ

| ક્રમ | હોદ્દાનું નામ | હોદ્દાઓની સંખ્યા | શૈક્ષણિક યોગ્યતા |
|---|---|---|---|
| ૧. | હિસાબનીશ | ૦૧ | બી.કૉમ, એક વર્ષનો કામનો અનુભવ ટેલી સૉફ્ટવેર તાલીમ પ્રમાણપત્ર સહિત (મહિલા) |
| ૨. | પટાવાળા | ૦૧ | અંશકાલીન, આઠમું ધોરણ પાસ (મહિલા) |
| ૩. | ચોકીદાર | ૦૧ | પૂર્ણકાલીન, આઠમું ધોરણ પાસ (પોલીસ, સેના. ખાનગી સિક્યુરિટી ગાર્ડને પ્રથમ પસંદગી) |
| ૪. | મુખ્ય રસોઈયો | ૦૧ | આઠમું ધોરણ પાસ (મહિલા, અનુભવીને પ્રથમ પસંદગી) |
| ૫. | મદદનીશ રસોઈયા | ૦૨ | આઠમું ધોરણ પાસ (મહિલા) |
| ૬. | સ્વીપર | ૦૧ | અંશકાલીન (શૌચાલય, બાથરૂમ અને ભવનની ચારે બાજુની સફાઈ માટે) (મહિલા) |

## વિદ્યાલય ભવન અને અન્ય વ્યવસ્થાઓ

- સ્વચ્છ વાતાવરણમાં સ્થિત વિજળીની સુવિધા સાથેની આવાસીય વ્યવસ્થા
- સ્વચ્છ શૌચાલય, સ્નાનાગાર
- કન્યાઓના ઉપયોગ માટે તેલ, મંજન, બ્રશ, સાબુ, ટુવાલ, કાંસકા, ગણવેશ, સ્વેટર, ચપ્પલ, પાથરણું, ગાદલા, ચાદરો, રજાઈઓ, મચ્છરદાની, તકિયા વગેરે તેમજ તેને રાખવાની વ્યવસ્થા
- રસોડામાં ભોજન બનાવવા માટે ગેસનો અને કુકરનો ઉપયોગ
- પીવાના પાણીની ઉચિત વ્યવસ્થા હોય શુદ્ધ પીવાના પાણી માટે વૉટર પ્યુરીફાયર લાગેલું હોવું જોઇએ.
- દરેક વિદ્યાલયમાં સેનેટરી નેપકિન્સ કન્યાઓને પૂરાં પાડવામાં આવે તેમજ ઇન્સીનરેટરના ઉપયોગ માટે કન્યાઓને તાલીમ આપવામાં આવે.

## ભોજન વ્યવસ્થા

- ધોરણસર અને ડાયેટ ચાર્ટ મુજબ ભિન્નતા અને ગુણવત્તાયુક્ત યોગ્ય માત્રામાં ૪ વખત સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનો નાસ્તો અને રાતનું ભોજન
- ખાદ્ય સામગ્રી માત્ર એક જ મહિના માટે ખરીદવામાં આવે અને આગલા મહિના માટે દરેક માસની ૨૫-૩૦ તારીખ સુધીમાં સામાન પૂરો પાડવામાં આવે.
- રસોઈઘરમાં ઉપયોગમાં લેવા માટેના અથાણાં, મસાલા, ખાદ્ય તેલ અને ઘી વગેરે બ્રાન્ડેડ હોવા જોઇએ.

## શિક્ષણ કાર્ય

- ધોરણ ૫-૮ સુધી શિક્ષણની સુવિધા અને વય કક્ષા મુજબ યોગ્ય ધોરણમાં પ્રવેશ.
- સરકારી ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક કેલેન્ડર મુજબ શિક્ષણની વ્યવસ્થા તેમજ ઓછામાં ઓછાં ૭ કલાકનું શિક્ષણ એક દિવસમાં થવું જરૂરી છે.
- કન્યાઓમાં જીવન-કૌશલ્યતા વિકાસ, વ્યવસાયિક કુશળતા વિકાસની તૈયારી, રમત-ગમત સંબંધી તાલીમ અને શૈક્ષણિક પ્રવાસ.
- પુસ્તકાલય, વિજ્ઞાન અને ગણિત પ્રયોગશાળા અને કમ્પ્યુટર શિક્ષણ.
- વિશેષ તાલીમ અનિવાર્ય રૂપથી આ વિદ્યાલયોનો એક ભાગ હોય. વિશેષ તાલીમ અભ્યાસક્રમ લઘુત્તમ ૩ માસ અને વધુમાં વધુ ૬ મહિના માટે હોય અને કદીએ શાળાએ ન ગયેલ કન્યાઓ માટે ૬ મહિના કરતા વધુ પણ હોય.
- પુસ્તકાલય અને રમત-ગમતને સમયપત્રકનો ભાગ બનાવવામાં આવે.
- સવારની સભા, બાલ સભા અને મીના મંચની ગતિવિધિઓ અનિવાર્યપણે કરવામાં આવે.









- ભણાવતી વખતે શિક્ષણ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે તેમજ જરૂર મુજબ કન્યાઓને બહારનો પરિચય પણ કરાવવામાં આવે.
- બધી જ કન્યાઓના સતત મૂલ્યાંકન (૧૫ દિવસે) અનિવાર્યપણે કરવામાં આવે અને તેની નોંધ રાખવામાં આવે.
- દરેક મહિનામાં એક વખત શૈક્ષણિક બેઠક બોલાવવામાં આવે જેમાં પાછલાં મહિનાના શૈક્ષણિક કાર્યોની સમીક્ષા થાય અને આગામી મહિનાના કાર્યનું આયોજન શિક્ષકો દ્વારા કરવામાં આવે. આ બેઠકમાં ડાયેટ લેકચરરનો સહયોગ સુનિશ્ચિત કરવામાં આવે.
- પૂર્ણ કાલીન, અંશ કાલીન તેમજ શિક્ષણોત્તર કર્મચારીઓ માટે રજાઓની એ જ યાદી માન્ય થશે જે જિલ્લા કચેરીની સુચના મોકલવામાં આવેલ નિર્દેશોના આધારે નક્કી કરવામાં આવી હશે.

## સુરક્ષિત વાતાવરણ (આરોગ્ય, સલામતી, આપાતકાલીન)

- ૨૪ કલાક ચોકીદારની સુવિધા.
- અઠવાડિયામાં એકવાર પોલિસ પેટ્રોલિંગ
- કન્યાઓને આત્મરક્ષણ સંબંધી તાલીમ જૂડો, કરાટે, તીરંદાજી, માર્શલ આર્ટ્સ, લાઠી, લેઝિમ વગેરે.
- નજીકના પીએચસી, સીએચસી તબીબો/તબીબી અધિકારી દ્વારા પરિક્ષણ.
- વિદ્યાલય પરિસરમાં નિર્ધારિત સમય બાદ અથવા રાત્રિના સમયે કોઇ અપરિચિત વ્યક્તિનો પ્રવેશ વર્જિત. સાંજે ૭ વાગ્યા બાદ પુરુષ વ્યક્તિ માટે પ્રવેશ બંધ.
- આવન-જાવન પત્રકમાં આવવા-જવા સંબંધી વિવરણ
- અગ્નિશામક યંત્ર અને પ્રાથમિક સારવાર માટેની કિટની ઉપલબ્ધતા
- શાળા ફરતી દિવાલ અને સુરક્ષિત તાળાયુક્ત મુખ્યદ્વાર
- રોજેરોજ કન્યાઓની હાજરી અને દિવસમાં બે વાર રોલ કૉલ
- વિદ્યાલયમાં એક સુરક્ષા સમિતિ બનાવવામાં આવે જે વિદ્યાલયની સુરક્ષા સંબંધી વ્યવસ્થાઓ માટે સજાગ રહે જેમ કે, દરવાજાઓની મજબૂતી, સુતાં પહેલાં તાળા વગેરેની તપાસ થાય.
- ટેલીફોનની ઉપલબ્ધતા હોય અને આપાતકાલીન નંબરો દિવાલ પર અંકિત હોય. (પોલિસ સ્ટેશન, હૉસ્પિટલ, જિલ્લા અધિકારી, બીએસએ ફાયર સ્ટેશન, વગેરે)
- રાતના સમયે વૉર્ડન, પૂર્ણકાલીન શિક્ષિકાઓ તથા ચોકીદાર અનિર્વાય રૂપથી હાજર હોય.
- પૂર્ણકાલીન કર્મચારીઓના સગા-વ્હાલાઓનો વિદ્યાલયમાં નિવાસ વર્જિત છે.
- કન્યાઓની સલામતી માટે વિદ્યાલય ફરતી દિવાલ.
- કન્યાઓને ઘરે જવા અંગેની નિયમાવલી.
- કન્યાઓ સાથે કર્મચારીઓનો મિત્રતાપૂર્ણ વ્યવહાર.


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
Toll Free: 1800-233-7965
www.ssagujarat.com


300 GSM Art Card 'A' Grade Mill